# આમંત્રિતોની સંખ્યા મર્યાદિત કરાતા લગ્નપ્રસંગના આયોજકો મુશ્કેલીમાં મુકાયા

**નવેમ્બર-ડિસેમ્બરની સીઝન માટે ૬ માસ અગાઉથી પાર્ટીપ્લોટ, કેટરર્સ, ડેકોરેટર્સ, બેંડવાજા-મ્યુઝિકપાર્ટી વગેરે બુકિંગ હતું : કંકોત્રીઓ અપાઈ ચૂકી છે અને મહેમાનોને આમંત્રણ પણ આપી દેવામાં આવ્યું હતું**

ગાંધીનગર, તા. ૨૪

કોરોના મહામારીએ ફરી એકવાર ગુજરાત ફરતે તેનો ગાળિયો મજબૂત કર્યો છે અને દિવાળીના તહેવાર પછી રાજ્યમાં એકાએક કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં એટલો ઉછાળો આવ્યો છે કે જેના કારણે સમગ્ર આરોગ્ય તંત્ર સહિત રાજ્ય સરકાર હચમચી ઉઠી છે. આ સાથે જ સતત વધતાં જય રહેલા કોરોના કેસોની સંખ્યા પર નિયંત્રણ સાધવા સરકાર દ્વારા અગાઉ જાહેર કરવામાં આવેલી લગ્ન પ્રસંગો માટે ૨૦૦ વ્યક્તિની છૂટ મર્યાદા ઘટાડીને ૧૦૦ વ્યક્તિની કરી દેવામાં આવી છે. જોકે સરકારની આ જાહેરાતના કારણે ગાંધીનગરમાં નવેમ્બર-ડિસેમ્બરની લગ્ન સીઝનમાં યોજનારા લગ્નપ્રસંગોના આયોજકોની હાલત કફોડી થઈ જવા પામી છે.

દિવાળી સાથે જ કોરોના વિસ્ફોટના કારણે રાજયસરકાર દ્વારા લગ્ન અનલોકની કેટલીક ગાઈડલાઈનમાં પણ સુધારા જાહેર કરવામાં આવ્યા છે અને સૌથી પહેલી ધોંસ લગ્નપ્રસંગો પર જમાવવામાં આવી છે જે અંતર્ગત સરકાર દ્વારા અગાઉ લગ્ન પ્રસંગે ૨૦૦ વ્યક્તિ સુધીની છૂટ જાહેર કરવામાં આવી હતી જેને હવે ૧૦૦ વ્યક્તિ પૂરતી મર્યાદિત કરવામાં આવી છે. આમ સરકારની એકાએક જાહેરાતના કારણે જેમના ઘરે લગ્નપ્રસંગોના આયોજન થઈ ચૂક્યા હતા તેઓ મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા છે આ સાથે આયોજકો દ્વારા પાર્ટીપ્લોટ, બેન્ડવાજા, ભોજન સમારંભ વગેરેના ઓર્ડર્સ પણ એડ્વાન્સ પેમેન્ટ સાથે નિયત કરી દેવામાં આવેલા છે તેથી હવે જો તે મુજબ સંખ્યાની અનુમતિ ના મળે તો આર્થિક નુકસાન વેઠવાનો વારો આવે તેમ છે.

આપણે ત્યાં લગ્ન પ્રસંગ એ જીવનનો ખૂબ મહત્વનો પ્રસંગ ગણાય છે જેમાં ઘર-પરિવારના સભ્યો ઉપરાંત કુટુંબના નજીકના સગા-સંબંધીઓ, મિત્રો-સ્નેહીજનો, આડોશી-પાડોશી, સહકર્મચારીઓ વગેરેને નિમંત્રણ આપવામાં આવે છે જેના કારણે બધી વ્યવસ્થા અગાઉથી કરવી આવશ્યક હોય છે જેથી દૂરથી આવનારા મહેમાનોને ટ્રેનના રિઝર્વેશન વગેરેની વ્યવસ્થા કરવામાં પણ સરળ રહે. લગભગ દરેક લગ્ન પ્રસંગ માટે પાર્ટીપ્લોટ, ભોજન સમારંભ માટે કેટરર્સ, ડેકોરેટર્સ, બેંડવાજા કે મ્યુઝિકપાર્ટી વગેરે તમામનું ઓછામાં ઓછા ૬ થી ૮ માસ પહેલા બુકિંગ કરવી દેવું પડે છે. આ જોતા નવેમ્બર-ડિસેમ્બરની લગ્ન સીઝનના લગભગ તમામ આયોજકો દ્વારા આ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી હોય તે સ્વાભાવિક છે. આ સ્થિતિમાં અચાનક આમંત્રિતોની સંખ્યામાં ઘટાડાની મર્યાદા લાગુ પડવાથી આયોજકોને સામાજિક રીતે ચિંતાજનક પરિસ્થિતિમાં મૂકાવાનો વારો આવ્યો છે.

## હવે છેલ્લી ઘડીએ કોને ના પાડવી અને કોને બોલાવવા?

આ વર્ષે તા. ૨૨મી નવેમ્બરથી તા. ૧૫મી ડિસેમ્બર સુધી લગ્ન સીઝન છે ત્યાર પછી કમુરતા બેસતા હોવાથી લગ્નના આયોજનો શક્ય નથી. વળી આ લગ્નસરાની સીઝનના લગ્નપ્રસંગો માટેની કંકોત્રીઓ છપાઈ ચૂકી છે અને આયોજકો દ્વારા પોતાના મહેમાનોને આમંત્રણ પણ આપી દેવામાં આવ્યું હતું તે જેઓ હવે દ્વિધામાં મુકાઈ ગયા છે કે કોને ના પાડવી અને કોને બોલાવવા. આ સાથે દૂરથી આવતા મહેમાનોના ટ્રેનના રિઝર્વેશન પણ થઈ ચૂક્યા છે તેઓ પણ અવઢવમાં મૂકવા પામ્યા છે.

# જી.ઈ.બી. સત્તાવાળાઓને મનપાએ નોટીસ પાઠવી

**ત્રણ દિવસમાં ૧૪ કેસ અત્યાર સુધીમાં નેવુ થી વધુ કેસ નોંધાતા તંત્ર હરકતમાં આવ્યું**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાએ આજે જી.ઈ.બી. સત્તાવાળાઓને કેસોની સંખ્યા વધતાં કોલોની વિસ્તારમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવાય, માસ્ક ફરજીયાત પહેરવામાં આવે, કન્ટેનમેન્ટ ઝોનનું કડક અમલીકરણ થાય તેમજ સેનીટાઈઝેશનમાં પુરી કાળજી લેવામાં આવે તે માટે નોટીસ આપી છે.

જી.ઈ.બી. કોલોનીમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને પગલે મનપાનું તંત્ર હરકતમાં આવ્યું છે. આ કોલોની વિસ્તારમાં ૯૦ જેટલા કેસો નોંધાઈ ચુકયા છે.

મનપા આજે નાયબ મ્યુનિ. કમિશનરની સહિથી આ નોટીસ પાઠવી હોવાનું જાણવા મળેલ છે. આ અગાઉ પણ જી.ઈ.બી. સત્તાવાળાઓને પત્ર લખી જાણ કરવામાં આવી હતી પરંતુ અમલીકરણમાં ઉદાસીનતા દાખવવામાં આવતા આજે તંત્ર એ નોટીસ પાઠવી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગરના સીમાડે આવેલ થર્મલ પાવર સ્ટેશનથી થતા પ્રદૂષણનો વિવાદ યથાવત છે ત્યારે ત્યાં જે રીતે કેસો વધ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. મનપા દ્વારા આ નોટીસ આપવામાં આવતાં શહેરભરમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

બે દિવસ પહેલાં ૮ કેસ અને આજે વધુ ૬ કેસ આ વિસ્તારમાંથી મળી આવ્યા છે. અહીંથી મળેલા મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે તે પણ નોંધનીય છે અને એટલે જ તંત્રએ કન્ટેનમેન્ટ ઝોનની ગાઈડલાઈનનું ચુસ્તતાથી પાલન થાય તે માટે ખાસ જણાવ્યું છે.

**રાજ્યમાં રસી ચાર તબક્કામાં આપવામાં આવશે : મુખ્યમંત્રી**

# પરિસ્થિતિ નિયંત્રણમાં નહીં આવે ત્યાં સુધી નાઈટ કર્ફ્યૂ ચાલુ રહેશે : રૂપાણી

ગાંધીનગર,તા.૨૪

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું હતું કે, ગુજરાતમાં કોરોનાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. કોરોના સંક્રમિત નાગરિકોને તુરંત સારવાર આપવા માટે પૂરતા પ્રમાણમાં કોવિડ બેડ સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોના સંક્રમણ અટકાવવા રાજ્ય સરકારે ત્વરિત પગલા ભર્યા છે, જેના ભાગરૂપે કોરોનાના કેસ વધવાની સાથે સૌથી પહેલા અમદાવાદ શહેરમાં વીકએન્ડ કરફ્યૂનો અમલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વડોદરા, સુરત અને રાજકોટમાં પણ રાત્રે ૯થી સવારે ૬ સુધી નાઈટ કર્ફ્યૂ લગાવવામાં આવ્યો છે, જે પરિસ્થિતિ નિયંત્રણમાં નહીં આવે ત્યાં સુધી ચાલુ રાખવામાં આવશે.



રાજ્યમાં લગ્નો અને જાહેર સમારોહમાં પણ સંખ્યા ૨૦૦થી ઘટાડીને ૧૦૦ કરવામાં આવી છે, જ્યારે અંતિમવિધિમાં ૫૦ લોકોને સામેલ થવાની મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, અમદાવાદ સહિત અન્ય શહેરોમાં કોવિડ બેડની સંખ્યા વધારવામાં આવી છે.

હાલમાં લગભગ ૫૫ હજાર આઈસોલેશન બેડ ઉપલબ્ધ છે, જેમાં ૮૫ ટકા એટલે કે લગભગ ૪૫ હજાર બેડ ખાલી છે. કોવિડના દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવા માટે ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા વધુ પ્રભાવિ બનાવવામાં આવી છે. ઉપરાંત ૧૦૪ હેલ્પલાઈન દ્વારા લોકોને ઘરે બેઠા કોવિડ સંબંધિત સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેનો અત્યાર સુધીમાં ૨ લાખ ૭૮ હજારથી વધુ લોકોએ લાભ લીધો છે. બોન્ડ ધરાવતા ડૉકટરોને એપીડેમિક એક્ટ અંતર્ગત તાત્કાલિક હાજર થવા જણાવાયું છે.

જનરલ સર્વેલન્સ અને કોમ્યુનિટી સર્વેલન્સ ટીમોની સંખ્યા મોટા પ્રમાણમાં વધારવામાં આવી છે. વિજય રૂપાણીએ કહ્યુ હતુ કે, કોવિડ પ્રભાવિત વિસ્તારોમાં સારવાર માટે ૧,૧૦૦ ધનવંન્તરી રથ કાર્યરત હતા જેની સંખ્યા વધારીને ૧૭૦૦ કરવામાં આવી છે. આ રથ દ્વારા ડોર સ્ટેપ ઓપીડી ઉપલબ્ધ કરાવવામાં આવે છે જે જેથી કરીને કોરોના સંક્રમિત દર્દીઓને યોગ્ય હોસ્પિટલમાં કોરોનાની સારવાર મળી રહે આ ખૂબ લોકપ્રિય બની છે.

આ સેવાનો અત્યાર સુધીમાં ૧.૫૨ લાખ લોકોએ લાભ લીધો છે, જેમાં શરદી, ઉધરસ સહિત વિવિધ રોગોના દર્દીઓ સામેલ છે. ગુજરાત સરકારે રાજ્યમાં આરટી-પીસીઆર ટેસ્ટીંગ અને એન્ટીજન ટેસ્ટિંગનું પ્રમાણ મોટી માત્રામાં વધાર્યું છે, જે અંતર્ગત ગઈકાલે લગભગ ૭૦ હજાર ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં કોરોનાના દર્દીઓ માટે સંજીવની કોરોના ઘર સેવા - હોમ આઈસોલેશનની વ્યવસ્થા કરવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મેડીકલ કોલેજમાં પહેલા કોરોનાની ટ્રાયલ વેક્સીનની મંજૂરી અપાઈ હતી પણ હવે રદ કરવામાં આવી છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ વધતાં પૂરેપૂરા દર્દીઓ પર તંત્રના ડૉક્ટરો ધ્યાન આપી શકતા નથી અને હવે તબીબી અધિકારીઓની ઘટ વર્તાય છે. એક-બે પેશન્ટને તો સિવિલમાંથી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવા પડ્યા તેવી ફરિયાદો પણ ઉઠી છે.
- ગાંધીનગર શહેરમાં આજે એન્ટીજન ટેસ્ટ ૫૭૦ જેટલા કરવામાં આવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાં શહેરીજનોમાં શરદી કફ અને સળેખમના કેસોમાં સપડાઈ રહ્યા છે.
- ગાંધીનગરમાં શાકભાજીના નવા પાકની આવક છતાં ભાવ હજુ નીચા ન આવતાં નગરજનોમાં હવે કઠોળપ્રેમ વધતો જોવા મળી રહ્યો છે.
- ૧૯ થી ૨૫ નવેમ્બર સુધી સંપ્રદાયિક સદ્ભાવ અભિયાન સપ્તાહની ઉજવણી અંતર્ગત રાજ્યપાલશ્રીએ આજે રાજભવનના કર્મયોગીઓને રાષ્ટ્રની સ્વતંત્રતા અને અખંડિતતાના શપથ લેવડાવ્યા હતા.

## ૩૧ ડિસેમ્બર સુધી ડુંગળીની સંગ્રહમર્યાદા બાબત

સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા તા.૧૦/૧૧/૨૦૨૦ના રોજ કરવામાં આવેલ હુકમ નં. GTH/2020/19/ECA/10214/530937(Part)/B Úke Gujarat Essential Articles (Licencing, Control and Stock Declaration) Order – 1981 માં ડુંગળીનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં તા. ૩૧/૧૨/૨૦૨૦ સુધી ડુંગળીની સંગ્રહમર્યાદા જથ્થાબંધ વેપારીઓ માટે ૨૫ મે.ટન તથા છૂટક વેપારીઓ માટે ૨ મે. ટનની નિયત કરવામાં આવી છે. જે અંતર્ગત અત્રેના જિલ્લામાં જથ્થાબંધ તથા છૂટક વેપારીઓ ડુંગળીનો સંગ્રહમર્યાદાથી વધુ જથ્થો સંગ્રહ ન કરે તથા તેની કાળાબજારી ન થાય તે માટે પગલાં લેવામાં આવશે.



બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન (BOB RSETI), ગાંધીનગર સંસ્થાન દ્વારા રૂપાલ ગામ સ્થિત તાલીમ સંસ્થાન દ્વારા જિલ્લાના બેરોજગાર યુવાકો અને યુવતીઓને વ્યવસાયલક્ષી તથા સ્વરોજગાર આપે તેવી તાલીમ આપવામાં આવે છે. જે અંતર્ગત તા. ૨૪મી નવેમ્બર થી તા. ૩ ડિસેમ્બર, ૨૦૨૦ દરમ્યાન દહેગામ તાલુકાના હરસોલી ગામના સ્વ સહાય જુથની બહેનો માટે ડેરી ફાર્મીંગ તથા વર્મી કમ્પોસ્ટ ખાતર બનાવટ માટેની તાલીમનો આરંભ કરવામાં આવ્યો છે. આ તાલીમ વર્ગને આજરોજ ડી.આર.ડી.એ.ના લાઈવલીહુડ મેનેજર શ્રી જિતેન પારીખ, આસિસ્ટન્ટ પ્રોજેકેટ મેનેજર શ્રીમતી રિપલબેન મકવાણા અને શ્રી રણજીતભાઈ, બરોડાના આરસેટી નિયામક શ્રી પ્રદિપ ધોધરા તથા સંસ્થાના કર્મચારીઓ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને સ્વનિર્ભર બનવા શુભેચ્છા પાઠવામાં આવી હતી.

## સરકાર કોરોનાના આંકડામાં ગોલમાલ કરી રહી છે : હાર્દિક પટેલ

ગુજરાતમાં ઘાતક કોરોના વાયરસનો કહેર વધ્યો છે. ત્યારે ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલે રાજ્યમાં કોરોનાની સ્થિતિ અંગે સવાલ ઉઠાવ્યા છે. તેમણે ટ્વિટ કરીને જણાવ્યુ હતુ કે, એક મહિના પહેલા જે કેસ આવતા હતા તે કેસ આજે આવી રહ્યા છે. તો અચાનક કર્ફ્યૂની જરૂર કેમ પડી. સરકાર કોરોનાના આંકડામાં ગોલમાલ કરી રહી છે.





એમેચ્યોર કબડ્ડી સ્પર્ધા ઓક્ટોબર માસમાં રાજસ્થાનના જયપુરમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યની ટીમ ત્રીજા સ્થાને રહી હતી. આ ટીમમાં ગાંધીનગરની દિકરી પ્રિયંકા પરમારે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. તેમના કોચ ગુંજન ગાયકવાડે પ્રિયંકા પરમારને સતત માર્ગદર્શન આપ્યુ હતુ.

# ઈફકોનું સ્વદેશી 'નેનો ફર્ટિલાઈઝર' ખેતીમાં નાઈટ્રોજનના વપરાશને અડધો કરશે

**સ્વદેશી 'નેનો ફર્ટિલાઇઝર' આગામી સમયમાં ખેડૂતોની યુરિયાની ખપત ઘટાડવા સાથે સરકાર પરથી સબસિડીનું ભારણ પણ ઘટાડશે : ૧૧ હજાર સ્થળોએ ૯૪ પ્રકારના પાકો પર પરીક્ષણ કરાયું**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે સ્થિત ઈફ્ફકો દ્વારા નેનો બાયોટેકનોલોજીના ઉપયોગ દ્વારા સ્વદેશી "નેનો ફર્ટિલાઈઝર"ની શોધ કરી છે જે ખેતીમાં નાઈટ્રોજનના વપરાશને લગભગ ૫૦ ટકા સુધી સીમિત કરશે અને જે પર્યાવરણ સાથે આગામી સમયમાં ખેડૂતોની યુરિયાની ખપત ઘટાડવા સાથે સરકાર પરથી સબસિડીનું ભારણ પણ ઘટાડશે. ઈફ્ફકો દ્વારા નેનો ફર્ટિલાઈઝર અંતર્ગત "ઈફ્ફકો નેનો નાઈટ્રોજન, નેનો ઝિંક અને નેનો કોપર" નામના ખેતી ઉત્પાદનો વિકસિત કરવામાં આવ્યા છે.

આજે ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર ડો. યૂ. એસ. અવસ્થીએ પ્રેસ સાથે ઓનલાઈન વાત કરીને જણાવ્યુ હતું કે "ઈફ્ફકો દ્વારા તેના નેનો બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (એનબીઆરસી)માં "ઈફ્ફકો નેનો નાઈટ્રોજન, નેનો ઝિંક અને નેનોકોપર" નામના નેનો એગ્રી ઈન્પુટ્સ તૈયાર કરવામાં આવ્યા છે જેને ગત તા. ૩જી નવેમ્બરે ઓલ ઈન્ડિયા ટ્રાયલ્સ માટે મોકલવામાં આવ્યા હતા જેમાં આઈસીએઆર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વિવિધ મલ્ટી-લોકેશન, મલ્ટિ-પાક ટ્રાયલ્સના આધારે પાક પરના ૧૧ હજાર સ્થળોએ મળીને ૯૪ પ્રકારના પાકો પર તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ ટ્રાયલ્સમાં એવું નોંધવામાં આવ્યું છે કે ઈફ્ફકો નેનો નાઈટ્રોજન યોગ્ય વ્યવસ્થાપન પદ્ધતિઓ સાથે પાકની ૫૦ ટકા નાઈટ્રોજન જરૂરિયાતને પૂરી કરી શકે છે. માત્ર ૫૦૦ મિલીલીટર ઈફ્ફકો નેનો નાઈટ્રોજન સંભવિત યુરિયાની ઓછામાં ઓછી એક થેલી જેટલું ઉપયોગી સાબિત થયું છે. આ કારણે ભારત સરકાર દ્વારા આપવામાં આવતી સબસિડીની રકમ બચવા સાથે ઈફ્ફકો નેનો નાઈટ્રોજનના ઉપયોગથી ખેડુતોની નફાકારકતા પણ વધી શકે છે. ઈફ્ફકો નેનો નાઈટ્રોજન, નેનો ઝીંક અને નેનો કોપર ઉત્પાદનો પર્યાવરણને પણ અનુકૂળ છે, અને વપરાશકર્તા તેમજ પાક માટે સલામત છે. ભારત સરકારના ઓઈસીડીપ્રોટોકોલ અને ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી (ડીબીટી) દ્વારા નેનો એગ્રી ઈનપુટ્સ (એનએઆઈપી) અને ફૂડ પ્રોડક્ટ્સ (એફએફપી)ના પરીક્ષણ માટે માર્ગદર્શિકા મુજબ પરીક્ષણ કર્યા પછી એનએબીએલ-જીએલપી પ્રમાણિત પ્રયોગશાળાઓ દ્વારા તેની પુષ્ટિ કરવામાં આવી છે.

ડો. અવસ્થીએ જણાવ્યુ હતું કે "ઈફકોની સ્થાપના ૧૯૬૭માં થઈ હતી અને ૩૫ હજારથી વધુ સહકારી મંડળીઓ સાથે કાર્યરત ઈફકોના હાલમાં ભારતમાં પાંચ ખાતરોના પ્લાન્ટ છે.

ઈફકો એ ભારતની જાણીતી સ્થાપિત સહકારી સંસ્થા છે, જે ખાતર ઉત્પાદન, સામાન્ય વીમા, ફૂડપ્રોસેસીંગ, ગ્રામીણ છૂટક વગેરેની વિવિધ પહેલ દ્વારા ભારતના ખેડૂત સમુદાયને સેવા આપી રહી છે. ઈફકો ભારતના ટોચના અગ્રણી યુરિયા ઉત્પાદક અને વેચાણકર્તા છે. ગુજરાતનો કલોલ ખાતેનો તેનો પ્રથમ યુરિયા પ્લાન્ટવર્ષ ૧૯૭૫માં શરૂ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૯-૨૦માં ઈફકોએ ૮.૬૩ મિલિયન મિટ્રિક ટન યૂરિયાનું વેચાણ કર્યું છે જે દેશના કુલ વેચાણના ૨૬ ટકા છે.

# હોટલ નિર્માણનુ કામ પુર્ણતાના આરે, એક વર્ષના અંતે હવે ટ્રેન શરૂ કરો

**હોટલનુ કામ ઝડપથી પુર્ણ કરવા સહીત નગરજનોને હવે ઝડપથી ટ્રેન સેવા મળી રહે તેવુ આયોજન કરવા મહામંડળની રજુઆત**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર કેપિટલ સ્ટેશન પાસે અદ્યતન હોટલ નિર્માણની કામગીરી ચાલી રહી છે. જયારે આ કામગીરીને અનુલક્ષીને છેલ્લા એક વર્ષથી કેપિટલ સ્ટેશન પર ટ્રેઈનોની અવરજવર બંધ છે. જેના લીધે સ્થાનિકોને પણ મુશ્કેલી વેઠવી પડે છે. ૩૦૦ રૂમની હોટલ તૈયાર કરવાના પ્રોજેકટના કામ અન્વયે કામગીરી પુર્ણતાના આરે છે ત્યારે પ્લેટફોર્મ નં -૧ અને ૨ પર ટ્રેઈન સેવા ઝડપથી શરૂ કરવામાં આવે તેવી રજુઆત શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ કેપિટલ સ્ટેશન પાસે ૩૦૦ રૂમની હોટલનુ કામ પુર્ણતાના આરે છે. જયારે આ પ્રોજેકટનુ કામ છેલ્લા પાંચ વર્ષથી ચાલે છે. જેના લીધે એક વર્ષથી સંપુર્ણ રેલવે વ્યવહાર બંધ છે. જેના અનુસંધાને શહેર વસાહત મહામંડળ દ્વારા અગાઉ વડાપ્રધાનને ટ્રેઈન શરૂ કરવા માટે રજુઆત કરવામાં આવી હતી જેના અનુસંધાને રેલવે બોર્ડના સિનિયર ડિવીઝનલ મેનેજરને પણ બાંધકામના અંતે ટ્રેઈન શરૂ કરવા માટે સુચના આપવામાં આવી હતી પરંતુ હજુ સુધી આ સુચનાનો અમલ થયો નથી. જયારે સ્ટેશન વિસ્તારમાં બાંધકામનુ કામ પુર્ણતાના આરે છે ત્યારે પ્લેટફોર્મ નં -૧ અને ૨ પર ટ્રેઈન સેવા શરૂ કરવામાં આવે તેવી રજુઆત મહામંડળ દ્વારા અવારનવાર કરવામાં આવી રહી છે. ટ્રેઈન સેવા બંધ હોવાના લીધે હાલ નગરજનોએ અમદાવાદ સુધી લાંબા થવુ પડે છે. જયારે નગરજનોને આ હાડમારીમાંથી ઉગારવા માટે આ ઉપરાંત હોટલ બાંધકામનુ બાકી રહેતુ કામ પણ યુધ્ધના ધોરણે પુર્ણ થાય અને ટ્રેઈન સેવા શરૂ થાય તેમ પણ મહામંડળના મયુર વ્યાસ, પ્રદીપ સોલંકી , કીશોર જીકાદરા, બી એ શુકલ, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા કશ્યપ મહેતા સહીતના પદાધિકારીઓએ રજુઆત કરી છે.

## સરકારના અણઘડ આયોજનના લીધે કોરોનાનો ફેલાવો વધ્યો : અમિત ચાવડા

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ રાજ્યમાં કોરોનાના મોરચે વણસતી જતી પરિસ્થિતિ માટે રાજ્ય સરકારને જવાબદાર ઠેરવી છે. સરકાર પર આરોપ મૂકયો હતો કે રાજ્ય સરકારના અણઘડ આયોજનના લીધે રાજ્યમાં કોરોનાનો ફેલાવો વધ્યો છે. સરકારે જો પૂરતી તકેદારી રાખી હોત તો કોરોનાના કેસોમાં આટલો વધારો થયો ન હોત. સુપ્રીમ કોર્ટે પણ ગુજરાત સરકારનો ઉધડો લીધો છે. સુપ્રીમ કોર્ટે પણ રાજ્યમાં કોરોનાના મોરચે વણસતી જતી સ્થિતિની ચિંતા કરી છે. સરકાર કોરોનાનો સામનો કરવા માટે પૂરતી સગવડો હોવાનો દેખાવ જ કરે છે. અમદાવાદના દર્દીઓને હોસ્પિટલમાં આણંદ કે નડિયાદ સુધી દાખલ કરવો પડે છે, છેક વડોદરામાં હોસ્પિટલની વ્યવસ્થા કરવામાં આવે છે તે શું બતાવે છે. સરકાર ભલે એકબાજુએ કોરોનાના દર્દીઓ માટે બેડ ખાલી હોવાનો દાવો કરતી હોય, આજે અમદાવાદની મોટાભાગની હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી ઉભરાઈ રહી છે.



**કાનપુર ગામે સમસ્ત એસ.પી. પરિવાર દ્વારા કુળદેવી અર્બુદા માતાજીનો હવન યોજાયો**

ગાંધીનગર તાલુકાના કાનપુર ગામે દિવાળી પર્વે યોજાતા દર વર્ષની પરંપરા મુજબ સમસ્ત એસ.પી. પરિવાર દ્વારા કુળદેવી અર્બુદામાતાનો હવન કરવામાં આવ્યો. જેમાં ભાવિકભક્તજનોએ શ્રદ્ધાપૂર્વક લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## જાહેર નિવિદા નં.૭ (ડીબી) સને ૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી (વ), મધ્યસ્થ આલેકન તંત્ર, ગાંધીનગર બ્લોક, નં. ૯, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૩૪૮૬ દ્વારા ફોટો કોપીની કામગીરી માટે વાર્ષિક ભાવો નક્કી કરવા માટે આવો કામો કરતી પાન નંબર / જી.એસ.ટી. નંબર ધરાવતી સ્થાનિક બજારમાં કામ કરતી અનુભવી એજન્સીઓ પાસેથી સંબંધિત કામના રજી.પો.એ.ડી. દ્વારા સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો રૂ. ૧૦૦/- ટેન્ડર ફી લઈ તા. ૫/૧૨/૨૦૨૦ સમય ૧૬.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૧૦/૧૨/૨૦૨૦ સમય ૧૮.૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. ભાવપત્રક સાથે રૂ. ૧૦૦૦/- બાનાની રકમ પેટે એફ.ડી.આર., ૧૮૦ દિવસની મુદતની અચુક બીડવી અન્યથા બાનાની રકમ વગરનું ભાવપત્રક રદ ગણવામાં આવશે. આવેલ ભાવપત્રકો તા. ૧૧/૧૨/૨૦૨૦ના રોજ ૧૨-૦૦ કલાકે, હાજર રહેલ ઈસમોની હાજરીમાં (શક્ય હશે તો) ખોલવામાં આવશે. એક અથવા બધા ભાવપત્રકો સ્વીકારવા કે રદ કરવા તે હક્ક અત્રેની કચેરીને અબાધિત રહેશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવો.

**માહિતી/૧૩૪૨/૨૦-૨૧** **કાર્યપાલક ઈજનેર (વ)**